| GJVD130003392025 | | પ્રાપ્તિ તારીખ | ૨૪/૦૪/૨૦૨૫ | | |
|---|---|---|---|---|---|
| | सत्यमेव जयते | દાખલ તારીખ | ૨૪/૦૪/૨૦૨૫ | | |
| | | ફેંસલ તારીખ | ૧૭/૦૬/૨૦૨૬ | | |
| | | સમયગાળો | દિવસ | માસ | વર્ષ |
| | | | ૨૪ | ૦૧ | ૦૧ |

## FORM – A

| મે. શિનોરના પ્રીન્સીપાલ સીવીલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (એમ.એમ.સૈયદ) સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ. શિનોર, જી. વડોદરા. | |
|---|---|
| જજમેન્ટ તારીખ | ૧૭/૦૬/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૨૭૮/૨૦૨૫ |
| ગુના રજીસ્ટર નંબર | શિનોર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૭૦૪૬૨૩૦૩૦૨/૨૦૨૩ |
| ફરિયાદી | ધિ સરકાર |
| REPRESENTED BY | વિ.એ.પી.પી.શ્રી :– સુનિલભાઇ પ્રજાપતિ |
| આરોપી | નંદુ ઉર્ફે સુરેશભાઈ ઉર્ફે રાહુલ જેઠાભાઈ પટેલ રહે. વડાલી, ટીંમ્બાવાળી ફળીયુ, તા. કપડવંજ, જી. ખેડા. |
| REPRESENTED BY | આરોપી તરફે વિ.વ.શ્રી :– વી.એ.શેખ |

## FORM – B

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૨/૦૪/૨૦૨૩ થી ૧૩/૦૪/૨૦૨૩ સુધી |
| એફ.આઇ.આર.ની તારીખ | ૧૩/૦૪/૨૦૨૩ |
| તારીખ કે જેના પર ચુકાદો અનામત છે. | –– |
| ચુકાદાની તારીખ | ૧૭/૦૬/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો. | –– |

## આરોપીની માહીતી

| આરોપીનો રેન્ક | આરોપી/ આરોપીઓનું નામ | ધરપકડની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ચાર્જફ્રેમ કર્યા મુજબની કલમ | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | કલમ ૪૨૮ સી.આર.પી.સી. ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયતોનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | નંદુ ઉર્ફે સુરેશભાઈ ઉર્ફે રાહુલ જેઠાભાઈ પટેલ | ૦૨/૦૪/૨૫ | – | ઈ.પી.કો. એકટની કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦. | નિર્દોષ | ના | |

## FORM – C

**પ્રોસીકયુશનના સાક્ષીઓની યાદી**

**A. પ્રોસીકયુશન**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, તબીબ સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|
| ૧ | સોમાભાઈ કુબેરભાઈ પટેલ | ફરિયાદી |

**પ્રોસીકયુશનના આંકની સુચી**

**A. પ્રોસીકયુશન**

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧. | ૨૬ | ફરિયાદી સોમાભાઈ કુબેરભાઈ પટેલની જુબાની |
| ૨. | ૨૭ | ફરિયાદ |
| ૩. | ૨૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |

**ક્રિમીનલ કેસ નં. ૨૭૮/૨૦૨૫**

**આંક – ________**

**– : : ચુ કા દો : : –**

**(૧)** હાલની ફરિયાદપક્ષની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૧૨/૦૪/૨૦૨૩ ના કલાક ૧૮/૦૦ થી તા. ૧૩/૦૪/૨૦૨૩ ના કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે મોજે સાધલીથી સેગવા જવાના રોડ ઉપર કુકસ ત્રણ રસ્તા નજીક ફરિયાદીના વર્કશોપની પાછળની દિવાલની બારી ખોલી લોખંડની ગ્રિલને કોઈ સાધન વડે કાપી અંદર પ્રવેશ કરી વર્કશોપમાં મુકેલ લોખંડની તિજોરીનુ તાળુ નકુચા સાથે કોઈ સાધન વડે તોડી નાંખી તિજોરીમાં મકેલ નવા મોટર રીવાઈન્ડીંગના વાયરના બોકસ નંગ–૮ કિ.રૂ.૩૬૦૦૦/– તથા જુના બળેલા વાયરો આશરે ૩૦ કીલો કિ.રૂ.૧૦,૦૦૦/– મળી કુલ રૂ. ૪૬૦૦૦/– ની ચોરી કરી લઈ

જઈ, ઇ.પી.કો. એકટની કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબનો ગુનો કરેલ છે. જેથી ફરિયાદીએ આરોપીઓ વિરુધ્ધ હાલની ફરીયાદ આપેલી છે.

(૨) આ કામે આરોપી વિરુધ્ધ ગુનો નોંધાતા તપાસ કરનાર અમલદાર દ્વારા ગુનાની તપાસ હાથ ધરેલી અને ફોજદારી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૧૬૧ અન્યે ગુનાથી વાકેફ સાહેદોના નિવેદનો નોંધી, પંચનામા કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, આરોપી સામે પુરતો પુરાવો મળતા, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૭૩(૨) મુજબનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૩) આ કામે તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજુ કરતા, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૯૦(૧)(બી) પ્રમાણે આરોપી સામેના આક્ષેપિત ગુનાનું કોગ્નીઝન્સ લઇ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૪ અન્વયે સમન્સ/વોરંટ કાઢવામાં આવેલ હતા અને આ કામના આરોપી હાજર થતા તેને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલી હતી. ત્યારબાદ આરોપીની સામે આંક–૪ થી તહોમતનામું ફરમાવી, આરોપીની આંક–૫ થી પ્લી નોંધતા આરોપીએ તેઓની સામેના ગુનાનો ઈન્કાર કરેલો હતો. જેથી આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી, સંહિતાની કલમ–૨૭૩ મુજબ તેઓની હાજરીમાં ખુલ્લી અદાલતમાં કેસ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી હતી.

(૪) ફરિયાદપક્ષ તરફે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લેવામાં આવેલ છે.

**મૌખિક પુરાવાઓ**

| ક્રમ | આંક | પુરાવો |
|---|---|---|
| ૧ | ૨૬ | ફરિયાદી સોમાભાઈ કુબેરભાઈ પટેલની જુબાની |

**દસ્તાવેજી પુરાવાઓ**

| ક્રમ | આંક | પુરાવો |
|---|---|---|
| ૧ | ૨૭ | ફરિયાદ |
| ૨ | ૨૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |

(૫) ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવા ન હોય તેવુ ફરિયાદપક્ષે આંક–૨૯ ની કલોઝીંગ પુરશીશથી જાહેર કરતા ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ કરેલ છે.

(૬) ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળ વધારાનું નિવેદન રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેઓની સામેના ગુનાનો ઈન્કાર કરેલ છે અને તેઓ સદર ગુનાના કામે બચાવના કોઈ સાક્ષી તપાસવા માંગતા નથી કે તેઓ પોતે સોગંદ ઉપર કોઈ જુબાની રજુ કરવા માંગતા નથી તેમ જણાવેલ છે અને પોતાના વિશેષ નિવેદનમાં જણાવેલ છે કે, "અમો આરોપી તદ્દન નિર્દોષ છીએ, અમો આરોપી ઉપર ખોટી ફરિયાદ કરવામાં આવેલ છે."

(૭) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષના વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૮) ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

## <u>: : મુ દ્દા ઓ : :</u>

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ તા. ૧૨/૦૪/૨૦૨૩ ના કલાક ૧૮/૦૦ થી તા. ૧૩/૦૪/૨૦૨૩ ના કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે મોજે સાધલીથી સેગવા જવાના રોડ ઉપર કુકસ ત્રણ રસ્તા નજીક ફરિયાદીના વર્કશોપની પાછળની દિવાલની બારી ખોલી લોખંડની ગ્રિલને કોઈ સાધન વડે કાપી અંદર પ્રવેશ કરી વર્કશોપમાં મુકેલ લોખંડની તિજોરીનુ તાળુ નકુચા સાથે કોઈ સાધન વડે તોડી નાંખી તિજોરીમાં મકેલ નવા મોટર રીવાઈન્ડીંગના વાયરના બોકસ નંગ–૮ કિ.રૂ.૩૬૦૦૦/– તથા જુના બળેલા વાયરો આશરે ૩૦ કીલો કિ.રૂ.૧૦,૦૦૦/– મળી કુલ રૂ. ૪૬૦૦૦/– ની ચોરી કરી લઈ જઈ, ઈ.પી.કો. એકટની કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૧૦)** ઉપરોકત કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના કારણો ઉપસ્થિત થાય છે.

**<u>-: : નિર્ણય અંગેના કારણો : :-</u>**

**મુદ્દા નં. ૧ :-**

**(૧૦.૧)** આ કામે ફરિયાદી સોમાભાઈ કુબેરભાઈ પટેલ નાએ આંક-૧૫ થી તેમની સોગંદ ઉપર જુબાની આપેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આઠ નવ મહીના પહેલા બનેલો, બનાવ સાધલીથી સેગવા જવાના રોડ ઉપર વિકાસ કોર્પોરેશન નામના વર્કશોપમાંથી છ એક વાગ્યાના સમયે લોખંડની તિજોરીને તાળું તથા વર્કશોપના શટરને તાળું મારીને તેઓ વડોદરા ગયેલા હતા અને બીજા દિવસે તેઓ દસેક વાગ્યે આવીને વર્કશોપના શટરનો દરવાજો ખોલી અંદર વર્કશોપમાં મુકેલ લોખંડનું કબાટ ખુલ્લું હતું, તિજોરીનું તાળું નકુચા સાથે તોડી નાંખેલ હતું. જેથી તેઓએ આ બનાવની ફરિયાદ આપેલી, જે ફરિયાદ આ કામે આંક-૨૭ થી રજુ છે, જેમાં તેઓએ પોતાની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં તેઓએ એવું જણાવેલ છે કે, તેમના વર્કશોપમાંથી કોઈ વસ્તુની ચોરી થયેલ ન હતી, તેઓ આરોપીને ઓળખતા નથી. ફરિયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને તેઓની ઉલટતપાસ કરતા ફરિયાદપક્ષને કોઈ મહત્વનો પુરાવો મળી શકેલ નથી. આરોપી તરફે તેઓની ઉલટતપાસ કરતા તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે કહેવાતો બનાવ રાત્રીના સમયનો હતો, બનાવ વખતે તેઓ તેમના ઘરે વડોદરા મુકામે હતા, બનાવની તેઓને જાતમાહિતી નથી, બનાવ અંગેની ફરિયાદ પોલીસે જાતે લખી લઈ તેમાં તેમની સહી કરાવેલી, તેઓ બોલતા હોય અને પોલીસ લખતી હોય તેવું બનેલ નહી, પોલીસે તેમની રૂબરૂમાં આરોપીઓ પાસેથી કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી, ફરિયાદ આ ત્યારબાદ તેઓને ફરીવાર પોલીસ સ્ટેશન જવાનું બનેલ નહી, તેઓ અને આરોપીઓ વચ્ચે સમાધાન થઈ ગયેલ છે, આ કામે કોઈ લેખીત કે મૌખીક પુરાવો લેવામાં ન આવે તો તેઓને વાંધો નથી.

**(૧૦.૨)** આમ, કેસનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા જણાય છે કે, આ કામના આરોપીએ તા. ૧૨/૦૪/૨૦૨૩ ના કલાક ૧૮:૦૦ થી તા.

૧૩/૦૪/૨૦૨૩ ના કલાક ૧૦:૦૦ દરમ્યાન મોજે સાધલીથી સેગવા જવાના રોડ ઉપર કુકસ ત્રણ રસ્તા નજીક ફરીયાદીના વર્કશોપની પાછળની દિવાલની બારી ખોલી લોખંડની ગ્રિલને કોઈ સાધન વડે કાપી અંદર પ્રવેશ કરી, વર્કશોપમાં મુકેલ લોખંડની તિજોરીનું તાળું નકુચા સાથે કોઈ સાધન વડે તોડી નાંખી, તિજોરીમાં મુકેલ નવા મોટર રિવાઈન્ડીંગના વાયરના બોકસ નંગ-૮ કિંમત રૂા.૩૬,૦૦૦/- તથા જુના બળેલા વાયરો આશરે ૩૦ કીલો કિંમત રૂા.૧૦,૦૦૦/-મળી કુલ રૂા.૪૬,૦૦૦/- ની ચોરી કરી લઈ જઈ, આરોપીએ ઈ.પી.કોડની કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબનો ગુનો કરેલ તે પુરવાર થતું નથી કારણ કે, આ કામે આંક-૨૬ થી તપાસેલા ફરિયાદી સોમાભાઈ કુબેરભાઈ પટેલ નાઓએ તેમની સરતપાસમાં, ફરિયાદપક્ષના કેસને સમર્થન મળતો કોઈ પુરાવો આપેલ નથી અને જયારે તેઓને ફરી ગયેલા જાહેર કરી, ફરિયાદપક્ષ તરફેથી તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે, ત્યારે પણ તેઓએ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતો કોઈ પુરાવો આપેલ નથી. વધુમાં, હાલના કામમાં તેઓએ તેમની ઉલટતપાસમાં સ્પષ્ટપણે એવું સ્વીકારેલ છે કે, બનાવની તેઓને જાતમાહિતી નથી, બનાવ અંગેની ફરિયાદ પોલીસે જાતે લખી લઈ તેમાં તેમની સહી કરાવેલી, તેઓ બોલતા હોય અને પોલીસ લખતી હોય તેવું બનેલ નહી, પોલીસે તેમની રૂબરૂમાં આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી, તેઓ અને આરોપી વચ્ચે સમાધાન થઈ ગયેલ છે. ગુનાવાળી જગ્યાના પંચનામા આધારે પણ આરોપીને તકસીરવાર ઠરાવી શકાય તેમ નથી. આમ, આ કામના ફરિયાદીના મૌખિક પુરાવાથી એવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી કે જેનાથી ફરિયાદપક્ષના, આરોપી વિરૂધ્ધના કેસને સમર્થન મળે.

વધુમાં આ કામે મુળ ફરિયાદીએ આંક-૨૫ થી તેઓ આરોપી સાથે સમાધાન કરવા માંગતા હોવાની પરવાનગી માંગતી અરજી આપેલ છે. જે નામંજુર કરવામાં આવેલ છે. વધુમાં ફરિયાદ પક્ષે આંક-૨૯ થી કલોઝીંગ પુરસીસ આપી એવું જાહેર કરેલ છે કે, તેઓ હવે વધુ કોઈ દસ્તાવેજી પુરાવા કે સાક્ષીઓ તપાસવા માંગતા નથી અને સદરહું કેસ આગળ ચલાવવા માંગતા નથી.

આમ, આ તમામ હકીકતો ધ્યાને લેતાં, આ કામના આરોપીએ જ આક્ષેપીત ગુનો કરેલાની હકીકત ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં

નિષ્ફળ નિવડેલ હોઈ, મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારાત્મક આપી મુદ્દા નં. ૨ સબબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: : આ ખ રી હુ ક મ : :-**

**૧:** આ કામના આરોપી નંદુ ઉર્ફે સુરેશભાઈ ઉર્ફે રાહુલ જેઠાભાઈ પટેલ, રહે. વડાલી, ટીંમ્બાવાળી ફળીયુ, તા. કપડવંજ, જી. ખેડા. નાઓને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ-૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. એકટની કલમ-૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨:** ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ-૪૩૭(એ) અન્વયે દરેક આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે રુ. ૧૦,૦૦૦/- (અંકે રુપિયા દશ હજાર પુરા) ના સધ્ધર અને સ્થાનીક જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. **૧૭ મી,** માહે- **જુન,** સને- **૨૦૨૬** ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૭/૦૬/૨૦૨૬

સ્થળ : શિનોર.

**(મેહજબીનબેગમ મેહબુબમીયાં સૈયદ)**
પ્રિન્સીપાલ સીવીલ જજ તથા
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક., શિનોર.
જજ કોડ - જીજે ૦૧૪૫૨

A.R.RATHVA (Guj. Steno)

Signature Not Verified
Digitally signed by
Date: 2026.06.17 17:48:50 IST